GJJN080002152024

| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૨–૦૨–૨૦૨૪ |
| રજીસ્ટર તારીખ | ૨૨–૦૨–૨૦૨૪ |
| ફેસલ તારીખ | ૧૭–૦૭–૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ–માસ–દિવસ<br>**૦૨– ૦૪– ૨૫** |

**આંક–**

## FORM – A

***IN THE COURT OF PRINCIPAL SR. CIVIL JUDGE & ADDI. CHIEF JUDICIAL MAGISTRATE , KESHOD***

Present:

*PRINCIPAL SR. CIVIL JUDGE & ADDI. CHIEF JUDICIAL MAGISTRATE, KESHOD*

DATE OF JUDGMENT:17/07/2026

CRIMINAL CASE NO.112/2024

Keshod Police Station FIR No.11203030230647/2023

| | |
|---|---|
| Complainant | The State of Gujarat |
| Represented by | Ld. A. P.P Shree M.L.Saiyad. |
| Accused | Sajidbhai Bodubhai Dal,<br>Age about-33,<br>Re-Jhonpur, At- Muslim Faliya,<br>Tehsil-Keshod,<br>Dist.-Junagadh. |
| Represented by | Mr. V.G.Joshi Advocate for the accused. |

## FORM - B

| | |
|---|---|
| Date of Offence | 19/08/2023 |
| Date of FIR | 20/08/2023 |
| Date of Charge-sheet | 22/02/2024 |
| Date of Charge framing | 24/04/2024 |
| Date of commencement of evidence | 15/05/2024 |
| Date on which Judgment is reserved -- | -- |
| Date of the Judgment | 17/07/2026 |
| Date of the Sentencing Order, if any | -- |

| Rank Name of the Accused | Name of the accused | Date of Arrest | Date of Release on bail | Offences charged with | Whether acquitted or convict | sentence imposed | Period of detention undergo |
|---|---|---|---|---|---|---|---|
| 1 | Sajidbhai Bodubhai Dal | ------------ | ------------- | IPC-506 (2) | acquitted | ------------ | ------------ |

## FORM – C

## LIST OF PROSECUTION/DEFENCE/COURT WITNESSES

## A. Prosecution

| Rank | Ex. | Name | Nature of Evidence (Eye Witness, Police Witness, Expert Witness, Medical Witness, Panch Witness, Other |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| | | | Witness) |
| PW-1 | 06 | અલીભાઈ મહમદભાઈ દલ | ફરિયાદી |
| PW-2 | 09 | સદામભાઈ કાસમભાઈ દલ | પંચ સાહેદ |
| PW-3 | 12 | એહાન સ/ઓ. અલીભાઈ દલ | સાહેદ |
| PW-4 | 13 | નુરજહાબેન વા.ઓ. અલીભાઈ દલ | સાહેદ |
| PW-5 | 26 | સાદીક ઉર્ફે સાજીદ ઓસમાણ | સાહેદ |
| PW-6 | 27 | તાહીરભાઈ તૈયબભાઈ દલ | સાહેદ |
| PW-7 | 32 | દિલીપસિંહ રામસિંહ મોરી | ત.ક.અમલદાર |
| PW-8 | 36 | ડૉ. સ્નેહલકુમાર ધીરજલાલ તન્ના | ડૉ. સાહેદ |

## B. Defence witnesses, if any:

| Rank | Name | Nature of Evidence (Eye Witness, Police Witness, Expert Witness, Medical Witness, Panch Witness, Other Witness) |
|---|---|---|
| DW- | - | - |

## C. Court witnesses, if any:

| Rank | Name | Nature of Evidence (Eye Witness, Police Witness, Expert Witness, Medical Witness, Panch Witness, Other Witness) |
|---|---|---|
| CW- | - | - |

## LIST OF PROSECUTION/DEFENCE/COURT EXHIBITS

## A. Prosecution:

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| 1 | 07 | ફરિયાદ |
| 2 | 10 | બનાવવાળી જગ્યાનું પંચનામું |

| | | |
|---|---|---|
| 3 | 33 | ડેપ્યુટ હુકમ |
| 4 | 37 | સારવાર સર્ટીફીકેટ |

## B. Defence witnesses, if any:

| Sr.No. | Exhibit Number | Description |
|---|---|---|
| 1 | Exhibit D-1/CW 1 | -- |

## C. Court witnesses, if any:

| Sr.No. | Exhibit Number | Description |
|---|---|---|
| 1 | Exhibit C-1/CW 1 | -- |

## D. Material Objects:

| Sr.No. | Material Object Number | Description |
|---|---|---|
| 1 | MO- | -- |

**જ જ મે ન્ટ**

(૧) આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આરોપીએ ગઇ તા.૧૯/૦૮/૨૩ ના કલાક ૨૩.૦૦ વાગ્યે જોનપુર ગામે આ કામના ફરિયાદીના ઘર પાસે ખુલ્લા પ્લોટમાં કચરો નાખી ઉકરડો કરેલ જે આ કામના ફરિયાદીએ ઉકરડો હટાવવા કહેતા ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કર્યા અંગેની ફરિયાદીએ ફરિયાદ આરોપી વિરુદ્ધ આપેલ. જે ફરિયાદીની ફરિયાદ અન્વયે કેશોદ પોલીસ સ્ટેનશન ગુના રજીસ્ટર નં.૧૧૨૦૩૦૩૦૨૩૦૬૪૭/૨૩ થી ભારતીય દંડ સંહિતાની કલમ– ૫૦૬ (૨) મુજબનો ગુનો રજીસ્ટરે લીધેલ તેમજ સદરહું ગુનાના કામે તપાસ કરનાર અમલદારે તપાસના અંતે હાલના આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો હોય, અત્રેની અદાલત સમક્ષ હાલના આરોપી વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) આ કામે આરોપીને સમન્સ ઇશ્યું કરતાં, તે સમન્સ આરોપીને બજી જતાં, તે આરોપી તેના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં હાજર થયેલ અને આરોપીને પોલીસ પેપર્સની નકલો ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વચે વિના મુલ્ચે પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ આરોપી વિરુદ્ધ આંક–૦૪ થી તહોમતનામું ફરમાવી, આંક–૦૫ થી આરોપીનું નિવેદન નોંધતા, આરોપી પોતે ગુનો કબુલ ન હોવાનું જણાવતા હોય, આરોપી વિરુદ્ધ કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવે છે.

(૩) આ કામે ફરિયાદ પક્ષે ઉપરોક્ત મૌખિક, દસ્તાવેજી પુરાવો પુરો થયા બાદ ક્રિ.પ્રો.કોડની કલમ– ૩૧૩ અન્વચે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ અને આરોપીને તેમની વિરુદ્ધનો પુરાવો વાંચી, સંભળાવી, સમજાવતા આરોપીએ મુખ્યત્વે ફરિયાદીએ ખોટી ફરિયાદ હોવાનું, ખોટો પુરાવો હોવાનું અને પોલીસે ખોટી તપાસ કરી, ખોટુ ચાર્જશીટ કરેલ હોવાનું જણાવે છે. તેમજ આરોપીને બચાવના સાહેદો તપાસવા છે કે કેમ ? અને સોગંદ ઉપર જુબાની આપવા માંગે છે કે કેમ ? તે બાબતે પુછતાં આરોપીએ તેમના બચાવમાં સાહેદો તપાસવા નથી કે સોગંદ ઉપર જુબાની આપવી નથી તેમ જણાવેલ છે અને વિશેષમાં કાંઇ કહેવા માંગો છો તે અંગે આરોપીને પુછતા તેઓએ જણાવેલ છે કે, તેઓએ કોઇ ગુનો કરેલ ન હોય તેઓને નિર્દોષ છોડી મુકવા વિનંતી કરેલ છે.

(૪) ત્યાબાદ સદર કામ દલિલ ઉપર આવતા વિ.એ.પી.પીશ્રી.સૈયદ દલિલ કરી જણાવે છે કે, આ કામે સમગ્ર પુરાવો જોતા ફરીયાદીએ તેમની આંક.૬ ની જુબાનીમા આરોપીએ તેમને આપેલ ધમકીના કારણે તેઓએ જેરી દવા પીધેલ હોવાનુ જણાવેલ છે. અને તેઓએ તેમની આંક.૭ ની ફરીયાદ ને સમર્થન કારક પુરાવો આપેલ છે.આમ ફરીયાદી કે જે આ કામે ભોગ બનનાર હોય તેઓએ તેમની જુબાનીમા તેમની ફરીયાદ હકીકતોને સમર્થન આપેલ હોય તેને ન માનવાને કોઈ કારણ રહેતુ નથી. તેમજ ફરીયાદીના પુરાવાને મેડીકલ ઓફીસરશ્રીના પુરાવાથી પણ સમર્થન મળેલ છે. તેમજ

અન્ય સાહેદો એ પણ હાલના ફીયાદીએ જેરી દવા પીધેલ હકીકતોને સમર્થન આપેલ છે. જેથી ફરીયાદી સહીત મેડીકલ ઓફીસરના પુરવાથી ફરીયાદીના કેસને સમર્થન મળતુ હોય ફરીયાદપક્ષ આરોપી સામે હાલનો કેસ નિશંક પણે પુરવાર કરેલ હોય આરોપીને કાયદામા જણાવેલ પુરે પુરી સજા કરવા અરજ કરેલ છે.

જયારે આરોપી તરફે વિ.વ.શ્રી.વી.જી.જોષી દલિલ કરી જણાવે છે કે આ કામે ફરીયાદીની ફરીયાદ અને જુબાની જોતા તેમા ગંભીર પ્રકારના વિરોધાભાસ આવેલ છે. ફરીયાદીની ફરીયાદ મુજબ કહેવાતો બનાવ જે ધમકીનો બનેલ તેના બે દિવસ બાદ તેઓએ દવા પીધેલ છે અને તે તેઓને લાગી આવતા પીધેલ હોવાનુ જણાવે છે.આરોપીએ આપેલ ધમકીથી ગભરાઈ જઈ તેઓએ દવા પીધેલ હોય તેવો કોઈ પુરાવો ફરીયાદપક્ષે રેકર્ડ ઉપર લાવેલ નથી. ફરીયાદીને આરોપીએ આપેલ ધમકી થી શુ ભય થયેલ તેનાથી તેઓએ તેમની દૈનિક ક્રિયાઓ કરેલ નહોય કે સતત ભય ના ઓઠાર હેઠળ રહેલ હોય તેવો કોઈ પુરાવો ફરીયાદપક્ષ ધ્વારા રેકર્ડ ઉપર લાવેલ નથી. જેથી આરોપીએ ભા.ફો.ધારાની કલમ.૫૦૬(૨) મુજબનો ગુનો કરેલ હોવાનુ માની શકાય તેમ નથી.આ કામે ફરીયાદીની જુબાની અને ફરીયાદ વચ્ચે ગંભીર વિરોધાભાસ આવેલ છે ફરીયાદીના પુત્ર સહીત અન્ય સાહેદોનો પુરાવો જોતા તેઓ હોસ્ટાઈલ થયેલ છે અને ફરીયાદીના કેસની હકીકતોને સમર્થન કરેલ નથી કે હાલના આરોપીની ધમકીના કારણે ફરીયાદીએ દવા પીધેલ હોવાની કોઈ હકીકતો જણાવેલ નથી.મેડીકલ ઓફીસરશ્રી ના પુરાવાથી પણ હાલના આરોપીની ધમકીના કારણે ફરીયાદીએ જેરી દવા પીધેલ હોવાનુ રેકર્ડ ઉપર આવેલ નથી. જેથી ફરીયાદ પક્ષનો સમગ્રં પુરાવો જોતા ફરીયાદપક્ષ નિંશંક પણે કેસ પુરવાર કરી શકેલ નહોય, અને આરપી તેમના પોતાના પ્લોટમા કચરો નાખતા હોય તેની અદાવત રાખી ફરીયાદીએ આરોપી સામે ખોટો કેસ કરવા જાતે અનાજમા નાખવાની દવા તેમના મો ઉપર લગાવી દવાખાને સારવાર

માટે હાલની ફરીયાદ કરવા દાખલ થયેલ હોય અને તેના આધારે ખોટી હકીકતો આધારે આરોપી વિરુધ્ધ કેસ કરેલ હોવાનુ રેકર્ડ ઉપરના પુરાવાથી સ્પષ્ટ થતુ હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

**(૫)** આ કામે ફરિયાદ પક્ષ દ્વારા રજૂ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ તથા બંન્ને પક્ષોના વિ.વ.શ્રીઓની મૌખિક દલીલો ધ્યાને લેતા, આ કેસના મારા ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**– <u>મુ દ્દા ઓ</u> –**

**(૧)** શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ ગઈ તા.૧૯/૦૮/૨૩ ના કલાક ૨૩.૦૦ વાગ્યે જોનપુર ગામે આ કામના ફરિયાદીના ઘર પાસે ખુલ્લા પ્લોટમાં કચરો નાખી ઉકરડો કરેલ જે આ કામના ફરિયાદીએ ઉકરડો હટાવવા કહેતા ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી, ભારતીય દંડ સંહિતાની કલમ– ૫૦૬ (૨) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

**(૨)** શું આખરી હુકમ ?

**(૫.૧)** ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) "નકારમાં"

(૨) "આખરી હુકમ મુજબ"

**– <u>કા ર ણો</u> –**

<u>**મુદ્દા નં. ૧**</u> –

(૬) આ કામે મુદ્દા નં. ૧ પરત્વે બંન્ને પક્ષના વિ.વ.શ્રીઓની દલીલો તથા ફરિયાદ પક્ષે રજૂ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા, આ કામે ફરિયાદ પક્ષે આ કામે ફરિયાદ પક્ષે આંક–૦૬ થી ફરિયાદી અલીભાઈ મહમદભાઈ દલને તપાસેલા છે. આ સાહેદ મહત્વના સાહેદ એવા ફરિયાદી છે અને તેઓએ તેમની જુબાનીમાં મુખ્યત્વે જણાવેલ છે કે, બનાવ કયારે બનેલ તેની તેમને જાત માહીતી નથી. પરંતુ બનાવ ૧૯ તારીખે બનેલ હતો. બનાવ ના દીવસે તેઓ જોનપુર મુકામે તેમના ઘરે હતા ત્યારે સાંજના ૪ – ૪:૩૦ વાગ્યે સમાધાન માટે ગામના સરપંચના ઘરવાળા નથુ કાળા, ઈસુ મુસા, યુનુસ આરબ, સકરા કારા તેમની સાથે અન્ય દસેક માણસો તેમના ઘરે આવેલ અને ફરીયાદીએ સમાધાન કરી નાખ્યુ. બનાવમાં ફરીયાદીના ઘરની બાજુમાં એક દીવાલ છે અને ત્યાં ઉકરડો બનાવી દીધેલ અને ત્યાંના પ્લોટના માલીક સાજીદભાઈ પણ ત્યાં જ કચરો નાખતા હતા અને જે બાબતે સમાધાન કરી હવે પછી કચરો નહી નાખીયે તેમ આવનાર ઈસમોએ બાહેંધરી આપેલ તે જ દીવસે રાત્રે ૯/૩૦ વાગ્યે સાજીદભાઈ દલ તથા તેમની સાથે ૭ – ૮ માણસો ફરીયાદીના ઘરે જોનપુર મુકામે આવેલ અને તે દરમ્યાન સાજીદભાઈએ તેમને ધમકી આપી અને જણાવેલ કે, આ ઉકરડો અહીંથી ખસશે નહી તમારાથી જે થાય તેમ કરી લો અને જો ફરીયાદ કરશોતો તમને જાનથી મારી નાખવાની ધમકી આપેલ જેથી તેમને લાગી આવતા ફરીયાદીએ પોતાની વાડીએ જઈ દવા પીઈ લીધેલ. ત્યારબાદ તેમને સારવાર માટે રઘુવંશી હોસ્પીટલ કેશોદ મુકામે લઈ ગયેલ અને ત્યાં તેઓએ પોલીસ સમક્ષ પોતાની આંક–૭ વાળી ફરીયાદ આપેલી. આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

(૬.૧) ત્યારબાદ આરોપી તરફે લેવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ સ્વીકાર કરેલ છે કે, આ પ્લોટ તેમની માલીકીનો ન હતો. વધુમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, હાલમાં આ પ્લોટમાં મકાન ચણાય ગયેલ છે. હાલમાં તેઓ વાડીએ રહે છે, બનાવ વખતે તેઓ વાડીએ રહેતા હતા. વધુમાં સ્વીકાર કરેલ છે કે, તેઓ ડ્રાઈવિંગ કરવા માટે બહાર ગામે જાય છે, "અમારા ગામના સરપંચના ઘરવાળા નથુ કાળા, ઈસુ મુસા, યુનુસ આરબ, સકરા કારા તેમની સાથે અન્ય દસેક માણસો તેમના ઘરે આવેલ અને તેઓએ

સમાધાની કરી નાખ્યુ" એવી હકીકત તેમણે તેમના પોલીસ ફરિયાદમાં લખાવેલ નથી. વધુમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેમના ઘરની દીવાલની બાજુમાં કરચો નાખે તેવી હકીકત તેમની પોલીસ ફરિયાદમાં લખાવેલ નથી. વધુમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, સરપંચ અને તેની સાથેના માણસો કંઇ તારીખે આવેલ તે તેમણે તેમની ફરિયાદમાં લખાવેલ નથી.

(૭) વધુમાં, ફરિયાદ પક્ષ દ્વારા આંક–૧૦ વાળા બનાવવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ સદામભાઇ કાસમભાઇ દલને આંક–૯ થી તપાસવામાં આવેલા છે. સદર સાહેદએ આંક–૧૦ વાળા બનાવવાળી જગ્યાના પંચનામામાં પંચ તરીકે તેમની સહી હોય જે ઓળખી બતાવેલ છે અને તે સિવાયની પંચનામાની વિગતો જાણતા ન હોવાનું જણાવેલ છે. સદર પંચ સાહેદ ફરિયાદ પક્ષના કેસને અગર તો આંક–૧૦ વાળા પંચનામાની વિગતોને સમર્થન કરતા ના હોય તેઓને વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા સાહેદ જાહેર કરી, ફરિયાદ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં ફરિયાદ પક્ષને ફળદાયી કોઇ વિગત જણાવેલ નથી.

(૭.૧) ત્યારબાદ આરોપી પક્ષ દ્વારા લેવામાં આવેલ ઉલટ તપાસમાં સદર પંચ સાહેદએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેમના પિતાને કોઇએ જાનથી મારી નાખવાની ધમકી આપેલી નથી.

(૮) વધુમાં ફરિયાદ પક્ષ દ્વારા સાહેદ એહાન સ./ઓ અલીભાઇ દલને આંક–૧૨ થી તેમજ સાહેદ નુરજહાબેન વા./ઓ. અલીભાઇ દલને આંક–૧૩ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર સાહેદોએ તેમના પુરાવામાં મુખ્યત્વે બનાવને એકાદ વર્ષ જેટલો સમય થયેલાનું તેમજ આ બનાવમાં આરોપી સાથે સામાન્ય બોલચાલ થયેલી. આ સિવાય કાંઇ બનેલ નહી. આરોપી સાથે તેમને હાલમાં કોઇ તકરાર નથી. વિશેષ કાંઇ કહેવા માંગતા નથી. સદર બંન્ને સાહેદો ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરતા ના હોય તેઓને વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા સાહેદ જાહેર કરી,

ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં ફરિયાદ પક્ષને ફળદાયી કોઇ હકીકત બહાર આવેલ નથી.

(૮.૧) ત્યારબાદ આરોપી તરફે લેવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓને કોઇએ જાનથી મારી નાખવાની ધમકી આપેલી નથી.

(૯) વધુમાં ફરિયાદ પક્ષ દ્વારા સાહેદ સાદીક ઉર્ફે સાજીદ ઓસમાણને આંક–૨૬ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ ફરિયાદી અલીભાઇ ઉંમરભાઇને ઓળખે છે કારણ કે તેઓ તેમના ગામના વતની છે. આજથી દોઢેક વર્ષ અગાઉ તેઓ ફરિયાદી અલીભાઇના છોકરા એહાન પાસે ગામમાં બેઠેલ હતા ત્યારે એહાન ઉપર ફોન આવેલ કે તેના પિતાએ દવા પીધેલ છે. જેથી તેઓ તથા એહાન તેમના ઘરે ગયેલ અને ફરિયાદી અલીભાઇને રઘુવંશી હોસ્પિટલ કેશોદ સારવાર સારૂ લાવેલ. એ સિવાય તેઓ બીજુ કાંઇ જાણતા નથી. પોલીસે તેમની કોઇ પુછપરછ કરેલ નથી.

(૯.૧) ત્યારબાદ આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ બાબતે તેમને કોઇ જાત માહિતી નથી.

(૧૦) વધુમાં ફરિયાદ પક્ષ દ્વારા સાહેદ તાહીરભાઇ તૈયબભાઇ દલને આંક–૨૭ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ ફરિયાદી અલીભાઇ અલીભાઇ ઉંમરભાઇને ઓળખે છે કારણ કે તેઓ તેમના કાકા થાય છે. બનાવના દીવસે તેઓ તથા એહાનભાઇ, સાજીદભાઇ તેઓ ગામના પાદરે બેઠા હતા ત્યારે એહાન ઉપર ફોન આવેલો અને જણાવેલ કે એના પિતાએ દવા પી લીધેલ છે આથી તેઓ તેમના ઘરે જઇ અને ઇકો ગાડીમાં તેમને કેશોદ રઘુવંશી હોસ્પિટલ ખાતે સારવાર સારૂ લાવેલ. એ સિવાય તેઓ કાંઇ જાણતા નથી. પોલીસે તેમની કોઇ પુછપરછ કરેલ નથી.

(૧૦.૧) સદર સાહેદ ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરતા ના હોય તેઓને

વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા સાહેદ જાહેર કરી, ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં ફરિયાદ પક્ષને ફળદાયી કોઇ હકીકત બહાર આવેલ નથી.

**(૧૦.૨)** ત્યારબાદ આરોપી તરફે લેવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ બાબતે તેમને કોઇ જાત માહિતી નથી.

**(૧૧)** વધુમાં, ફરિયાદ પક્ષ દ્વારા ત.ક.અમલદાર દીલીપસિંહ રામસિંહ મોરીને આંક–૩૨ થી તપાસવામાં આવેલા છે. સદર સાહેદે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, સને–૨૦૨૩માં તેઓ કેશોદ પો.સ્ટે. ખાતે હેડ કોન્સ્ટેબલ તરીકે પોતાની ફરજ બજાવતા હતા તે દરમીયાન ગુ.ર.નં. ૧૧૨૦૩૦૨૩૦૬૪૭/૨૦૨૩, આઈ.પી.સી.કલમ ૫૦૬(૨) મુજબની તપાસ પી.એસ.ઓ. બેનાબેન માલદેભાઈ ચુડાસમાએ તેમને સોંપતા જે અનુસંધાને તેઓએ સદરહું કેસના લાગતા–વળગતા સાહેદોના નિવેદનો લીધેલા અને જરૂરી જણાતા પંચનામાઓ કરેલા અને ફરીયાદીના સારવારના સર્ટીફીકિટ મેળવેલ અને આરોપી સાજીદ દલ વિરુધ્ધ પુરતો પુરાવો હોય નામ. કોર્ટ સમક્ષ ચાર્જશીટ કરેલ. તેમને મળેલ તપાસનો અસલ ડેપ્યુટ હુકમ જેમાં પી.એસ.ઓ. બેનાબેનની સહી હોય જે ઓળખી બતાવી તેઓ આંક–૩૩ થી રજૂ રાખેલ છે. આરોપીને જોઇથી ઓળખે શકે.

**(૧૧.૧)** ત્યારબાદ આરોપી પક્ષ દ્વારા કરવામાં આવેલ સદર સાહેદની ઉલટ તપાસમાં તેઓએ સ્વીકાર કરેલ છે કે, તેમની તપાસમાં કહેવાતો બનાવ જે પ્લોટ બાબતે બનેલ તે પ્લોટની માલીકી ફરિયાદીની ન હોવાનું ખુલેલ છે. વધુમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેમની તપાસમાં એવું પણ ખુલેલ કે ફરિયાદી વાડીએ રહેતા હતા, ગામમાં રહેતા ન હતા.

**(૧૨)** વધુમાં, ફરિયાદ પક્ષ દ્વારા ડૉ. સાહેદ સ્નેહલકુમાર ધીરજલાલ તન્નાને આંક–૩૬ થી તપાસવામાં આવેલા છે. સદર સાહેદે તેમની જુબાનીમાં જણાવેલ છે કે,

તેઓ તેમની માલીકીની રઘુવંશી ઝરી દવા તથા સર્પદંશ હોસ્પીટલ, કેશોદમાં વૃંદાવન પાર્ક, બસ સ્ટેશન પાસે, કેશોદમાં ચલાવે છે. તેઓએ એમ.બી.બી.એસ., ડી.એ.એનેસ્થેસીઓલોજીસ્ટની ડીગ્રી મેળવેલ છે. તા.૧૯–૮–૨૩ના રોજ તેઓ તેમની હોસ્પીટલ ઉપર હાજર હતા ત્યારે રાત્રે ૧૧–૫૫ કલાકે તૈયબભાઈ ઉમરભાઈ દલ તેમના ભાઈ અલીભાઈ ઉમરભાઈ દલને ઉ.વ.૫૦ વાળાને તેમની હોસ્પીટલમાં સારવારમાં લાવેલા અને દર્દીની સાથે આવનાર તૈયબભાઈએ તેમને હીસ્ટ્રી આપેલી કે દર્દીએ ઝેરી દવા પીધેલી છે. દર્દીને તેઓએ તપાસતાં દર્દી ભાનમાં હતા તેમજ તેમને ઉલ્ટી થતી હતી અને ઓબકા આવતા હતા અને હ્રદયના ધબકારા તપાસતા ૮૦/પ્રતિ મીનીટ રેગ્યુલર હતા અને દર્દીનું બી.પી. ૧૨૦/૮૪ એમ.એમ.એચ.જી. હતું. એસ.પી.ઓ.ટુ. ૯૯% હતું. શ્વાસ તપાસતા બંને બાજુ રેગ્યુલર હતાં. હ્રદયના ધબકારા સ્ટેથોસ્કોપથી તપાસતા એસ–૧ તથા એસ–૨ નોર્મલ હતાં. દર્દીની આંખની કીકીઓ નોર્મલ હતી તેમજ ટોર્ચના પ્રકાશને રીસ્પોન્સ આપતી હતી. ત્યારબાદ, દર્દીની સારવાર શરૂ કરી દર્દીના હાથમાં ૨૨ નંબરની સોંય નાખવામાં આવેલી અને ઈન્જેકશન ડી.એન.એસ.નો બાટલો શરૂ કરવામાં આવેલો. તેમને નાક દવારા આર.ટી.(રાઈલ્સ ટયુબ) નાક દવારા પેટમાં ઉતારવામાં આવેલ તેમજ તેમાથી ગેસ્ટીક સેમ્પલ લેવામાં આવેલ અને ગેસ્ટીકસ લવાજ સાફ કરવાનું શરૂ કરવામાં આવેલ. દર્દીને નસ દવારા ઈન્જેકશન એટોપીલ ૧ એમ.એલ., ઈન્જેકશન રેન્ટેકટ ૨ એમ.એલ., ઈન્જેકશન પેરીસેટ ૨ એમ.એલ., ઈન્જેકશન ડેકઝોના ૨ એમ.એલ. આપવામાં આવેલ. ઈન્જેકશન ડયુરાટાઝ ૪.૫ ગ્રામ નસ દવારા આપવામાં આવેલ. દર્દીને આટલી પ્રાથમીક સારવાર આપ્યા બાદ દર્દીના સગાને ચેમ્બરમાં બોલાવીને દર્દીની કંડીશન વિશે જાણ કરી તેમની સહી ઈન્ડોર કેસ પેપર્સમાં લેવામાં આવેલી અને કેશોદ પો.સ્ટે.ને લેખિતમાં જાણ આવેલ દર્દીની કરીને સાથે દર્દીનું ડાઈંગ ડીકલેરેશન લેવડાવવા માટે વિનંતી કરવામાં આવેલી. દર્દીને આપેલી અન્ય સારવારમાં લેબોરેટરી ટેસ્ટ કરેલા હતા અને ત્યારબાદ, દર્દીને તા.૨૧ –૦૮–૨૩ના રોજ રજા આપેલી અને દર્દીને મોં દવારા લેવાની ગોળીઓ આપેલી હતી અને હોસ્પીટલે જ ખોરાક આપીને કોઈ તકલીફ નથી તે ચેક કરવામાં આવેલ હતું. દર્દીને સારુ થતાં ડીસ્ચાર્જ આપેલ જેની સહી ઈન્ડોર કેસ પેપર્સમાં લેવડાવવામાં આવેલી. સદરહું દર્દીએ ઝેરી પ્રવાહી દવા ગ્લાઈફોસેટ

(નિંદામણનાશક) દવા પીધેલી હતી. તેમણે દર્દીને આંક–૩૭ વાળું સારવાર સર્ટીફીકે આપેલું જે તેમના હસ્તાક્ષરમાં હોય અને તેમાં નીચે તેમની સહી હોય જે તેઓએ ઓળખી બતાવેલ છે.

**(૧૩)** ત્યારબાદ આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, દર્દીએ ઝેરી પ્રવાહી દવા શા કારણે પીધેલી તેવી કોઇ હકિકત દર્દીએ તેને લઇ આવનાર વ્યક્તિએ તેમને જણાવેલ નથી. વધુમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, ઉલ્ટી થવા માટેના ઘણા કારણો હોઇ શકે. વધુમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, દર્દી તેમની સમક્ષ આવેલા ત્યારે તે સભાન અવસ્થામાં હતા અને તેમણે રાજા આપેલી ત્યારે પણ તે સભાન અવસ્થામાં હતા.

**(૧૪)** આમ, ફરિયાદ પક્ષના ઉપરોક્ત પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો, હાલના કેસમાં ફરિયાદ પક્ષ આરોપી વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૬(૨) મુજબના ગુનો આક્ષેપ છે. ફરિયાદ પક્ષનો સમગ્ર કેસ મુખ્યત્વે આંક–૦૬ થી તપાસેલ ફરિયાદી અલીભાઇ મહમદભાઇ દલની મૌખિક જુબાની પર આધારિત છે, પરંતુ તેઓની જુબાની ગુનાની સ્થાપિત વિગતો સાથે સુસંગત જણાતી નથી અને ઉલટ તપાસ દરમિયાન તેઓની વિશ્વસનીયતા ખંડિત થાય છે. ફરિયાદીએ પોતાની જુબાનીમાં સરપંચ અને અન્ય માણસો દ્વારા થયેલ સમાધાન તેમજ રાત્રિના સમયે આરોપી સાજીદભાઈ તથા અન્ય ૭–૮ માણસો ઘસી આવી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની જે અલગ હકીકતો અત્રેની અદાલત સમક્ષ કથન કરેલ છે, તે બાબતોનો કોઈ જ ઉલ્લેખ તેઓએ પોતાની મૂળ આંક–૦૭ વાળી પોલીસ ફરિયાદમાં કરાવેલ નથી. જે ફરિયાદ પક્ષના કેસને શંકાસ્પદ બનાવે છે.

વધુમાં, ફરિયાદીએ તેમની આરોપી તરફે લેવામાં આવેલ ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, જે ખુલ્લા પ્લોટમાં ઉકરડો કરવા બાબતે ઝઘડો થયો હતો, તે પ્લોટ ફરિયાદીની માલિકીનો નથી અને તેઓ બનાવ સમયે ગામમાં નહીં પરંતુ પોતાની

વાડીએ રહેતા હતા, જે હકીકતને આંક–૩૨ થી તપાસેલ તપાસ કરનાર અમલદાર દિલીપસિંહ મોરીએ પણ પોતાની ઉલટ તપાસમાં સમર્થન આપેલ છે.

વધુમાં ફરિયાદી પક્ષે તપાસવામાં આવેલા અન્ય તમામ સ્વતંત્ર સાહેદો જેવા કે, આંક–૦૯ થી તપાસેલ પંચ સાહેદ સદામભાઇ, આંક–૧૨ થી તપાસેલ ભોગ બનનાર/ફરિયાદીના પુત્ર એહાન તેમજ આંક–૧૩ થી તપાસેલ ફરિયાદીના પત્ની નુરજહાબેન અત્રેની અદાલત સમક્ષની તેઓની જુબાની દરમિયાન સંપૂર્ણપણે ફરી ગયેલા જાહેર થયેલ છે. આ સાહેદોએ પોતાની ઉલટ તપાસમાં સ્પષ્ટપણે સ્વીકાર્યું છે કે, આરોપી સાથે માત્ર સામાન્ય બોલચાલ થયેલી અને આરોપીએ તેઓને ક્યારેય કોઈ જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી. અન્ય સાહેદોમાં આંક–૨૬ થી તપાસેલ સાદિક ઉર્ફે સાજીદ ઓસમાણ અને આંક–૨૭ થી તપાસેલ સાહેદ સાદીક ઉર્ફે સાજીદ ઓસમાણ માત્ર ભોગ બનનારને દવા પીધેલી હાલતમાં હોસ્પિટલ લઈ આવનાર વ્યક્તિઓ છે અને તેઓને ગુનાના મૂળ બનાવ અંગે કોઈ જ જાત માહિતી ન હોવાનું ફલીત થાય છે. વધુમાં ફરિયાદ પક્ષના મહત્વના સાહેદ એવા ડૉ. સ્નેહલકુમાર તન્નાને ફરિયાદ પક્ષ દ્વારા આંક–૩૬ થી તપાસેલ છે અને તેઓની જુબાની દરમિયાન આંક–૩૭ થી સારવાર સર્ટિફીકેટ રજૂ થયેલ છે પરંતુ સદર મહત્વના ડૉ. સાહેદ તથા તેમના દ્વારા રજૂ સારવાર સર્ટીફીકેથી માત્ર એટલું જ સાબિત થાય છે કે, ફરિયાદીએ કોઈ ઝેરી પ્રવાહી (નિંદામણનાશક દવા) પીધેલ હતી, પરંતુ ઉલટ તપાસમાં ડૉક્ટરે સ્પષ્ટ સ્વીકાર્યું છે કે, દર્દીએ આ દવા ક્યા કારણોસર પીધેલી તેની કોઈ હકીકત હિસ્ટ્રીમાં ખૂલવા પામેલ નથી. આમ, ફરિયાદીએ કયા સંજોગોમાં કે કોના દબાણ હેઠળ આવીને દવા પીધી તે બાબત સ્વતંત્ર પુરાવાથી સાબિત થતી નથી.

વધુમા આરોપીએ ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપેલાનો કેસ છે.આરોપી આઈ.પી.સી કલમ ૫૦૬(૨) ના ગુના માટે જવાબદાર છે કે કેમ તે હકીકત જોવામાં આવે તો ફરીયાદી કે સાહેદોએ આપેલ પુરાવા ઉપરથી એ હકીકત સ્પષ્ટ થતી નથી કે ધમકી આપવાના કારણે ફરીયાદી ને એવો ભય લાગેલ કે જો તેઓ ધમકી આપેલ છે તેનો અમલ નહી કરે તો આરોપી તેમની ધમકીનો અમલ કરશે અથવા

તો આરોપીએ આપેલ ધમકીના કારણે તેઓ પોતાના રોજીદા કાર્યો કરવા અશકિતમાન બનેલ હોય.આ બનાવ બાદ આરોપીએ તેમની ધમકીનો અમલ કરવા માટે પ્રયાસ કરેલ હોય તેવો કોઈ પુરાવો આ કામે રજુ થયેલ નથી.અને ફરીયાદીએ ખુદ તેમની ઉલટ તપાસમા તેઓ ડ્રાઈવીંગ કરવા બહારગામ જાયછે. જેથી તે ઉલટની હકીકતો ધ્યાને લેતા ફરીયાદી તેમના રોજીંદા કાર્યો કોઈપણ ભય વગર કરતા હોવાનુ ફલિત થતુ હોય જેથી આ સંજોગોમાં માત્ર ધમકી આપવાથી આરોપી સામેનો ચાર્જ સાબીત થયેલ ગણી શકાય નહી.જેથી આરોપી વિરુધ્ધ ઈ.પી.કો કલમ.૫૦૬(૨) મુજબનો ગુનો નિશંક પણે પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે.

અત્રે એ બાબત ખાસ નોંધવી જરૂરી છે કે, ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૬(૨) મુજબ ગુનાહિત ધમકીનો ગુનો સાબિત કરવા માટે માત્ર સામાન્ય બોલચાલ કે ઉશ્કેરાટમાં બોલાયેલા શબ્દો પૂરતા નથી, પરંતુ આરોપીના મનમાં ભોગ બનનારના મનમાં વાસ્તવિક રીતે ભય કે ત્રાણ પેદા કરવાનો ચોક્કસ ઈરાદો હોવો અનિવાર્ય છે. પ્રસ્થાપિત કાનૂની સિદ્ધાંતો મુજબ, જ્યાં સુધી ધમકીના શબ્દોથી સામી વ્યક્તિના મનમાં પોતાના જાન–માલના નુકસાન અંગેનો કોઈ વાસ્તવિક અને ગંભીર ભય પેદા ન થયો હોય, ત્યાં સુધી કલમ–૫૦૬(૨) ના આવશ્યક તત્વો પરિપૂર્ણ થતા નથી. હાલના કેસમાં ભોગ બનનાર સિવાય અન્ય કોઈ સમર્થનકારી પુરાવો રેકર્ડ પર નથી અને ખુદ ફરિયાદીનો પુરાવો વિરોધાભાસી અને ક્ષતિપૂર્ણ જણાય છે. ફરીયાદી કે સાહેદોએ આપેલ પુરાવા ઉપરથી એ હકીકત સ્પષ્ટ થતી નથી કે ધમકી આપવાના કારણે ફરીયાદી ને એવો ભય લાગેલ કે જો તેઓ ધમકી આપેલ છે તેનો અમલ નહી કરે તો આરોપી તેમની ધમકીનો અમલ કરશે અથવા તો આરોપીએ આપેલ ધમકીના કારણે તેઓ પોતાના રોજીદા કાર્યો કરવા અશકિતમાન બનેલ હોય.આ બનાવ બાદ આરોપીએ તેમની ધમકીનો અમલ કરવા માટે પ્રયાસ કરેલ હોય તેવો કોઈ પુરાવો આ કામે રજુ થયેલ નથી.અને ફરીયાદીએ ખુદ તેમની ઉલટ તપાસમા તેઓ ડ્રાઈવીંગ કરવા

બહારગામ જાયછે તેવુ કબુલ કરેલ હોય, જેથી તે ઉલટની હકીકતો ધ્યાને લેતા ફરીયાદી તેમના રોજીંદા કાર્યો કોઈપણ ભય વગર કરતા હોવાનુ ફલિત થતુ હોય,આ સંજોગોમાં માત્ર ધમકી આપવાથી આરોપી સામેનો ચાર્જ સાબીત થયેલ ગણી શકાય નહી.જેથી આરોપી વિરુધ્ધ ઈ.પી.કો કલમ.૫૦૬(૨) મુજબનો ગુનો નિશંક પણે પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે. ફોજદારી ન્યાયશાસ્ત્રના પ્રસ્થાપિત સિદ્ધાંત મુજબ ફરિયાદ પક્ષે પોતાનો કેસ શંકાથી પર રહીને સાબિત કરવો પડે છે. આ સંજોગોમાં આરોપીને શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મૂકવા ન્યાયના હિતમાં ઉચિત જણાય છે.

**(૧૫)** આમ, ફરિયાદ પક્ષે રજૂ સમગ્ર પુરાવાઓથી, આરોપીએ ગઈ તા.૧૯/૦૮/૨૩ ના કલાક ૨૩.૦૦ વાગ્યે જોનપુર ગામે આ કામના ફરિયાદીના ઘર પાસે ખુલ્લા પ્લોટમાં કચરો નાખી ઉકરડો કરેલ જે આ કામના ફરિયાદીએ ઉકરડો હટાવવા કહેતા ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી, ભારતીય દંડ સંહિતાની કલમ- ૫૦૬ (૨) મુજબનો ગુનો કરેલ હોવાના આવશ્યક તત્વો મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી નિઃશંકપણે પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે. જેથી ઉપરોક્ત વિગતવારની ચર્ચાના અંતે **મુદ્દા નં. ૧** નો નિર્ણય "નકારમાં" ઠરાવવામાં આવે છે અને **મુદ્દા નં. ૨** પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## – <u>આખરી હુકમ</u> –

**(૧)** આ કામના આરોપી સાજીદભાઇ બોદુભાઇ દલનાઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૨૪૮ (૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ- ૫૦૬ (૨) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી પુરાવાઓના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ- ૪૩૭ - એ અન્વયે આરોપીના જામીન તથા જાત મુચરકા અપીલના સમય માટે લંબાવી આપવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી પાસે જામીનદાર ઉપલબ્ધ ન હોય તો આરોપીએ અપીલના સમય માટે રૂા.

૫,૦૦૦/– ના નવા જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ સતરમી માહે–જુલાઇ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

કેશોદ.
તા.૧૭/૦૭/૨૦૨૬

(વાલજીભાઇ શાંમજીભાઇ પટેલ)
પ્રિન્સીપાલ સિનિયર સિવલ જજ
અને એડી.ચીફ. જ્યુડી.મેજી.,કેશોદ.
(કોડ જી.જે.૦૧૪૮૪)